# નિયામકશ્રી આઇ.ટી.ની કચેરી,
# આણંદ કૃષિ યુનિવર્સિટી - ૩૮૮૧૧૦

*" આ.કૃ.યુ.ની વિવિધ કચેરીઓમાં કામ કરતાં તમામ વર્ગ ના કર્મચારીઓ તેમજ વિધ્યાર્થીઓ દ્વારા સંબન્ધિત કચેરી/હોસ્ટેલ માં કોમ્પ્યુટર/લેપટોપ માં આઇ.ટી ને લગતા ઓપરેટીંગ સીસ્ટમ તથા અન્ય સોફ્ટવેર નો યોગ્ય અને યુનિવર્સિટી હિતમાં ઉપયોગ કરવા માટેનો પરિપત્ર "*

## પરિપત્ર

આથી આ.કૃ.યુ.ની વિવિધ કચેરીઓમાં કામ કરતાં તમામ વર્ગ ના કર્મચારીઓને તેમજ વિધ્યાર્થીઓને સુચિત કરવામાં આવે છે કે આપની સંબન્ધિત કચેરી/હોસ્ટેલ માં કોમ્પ્યુટર/લેપટોપ અને અન્ય આઇ.ટી ને લગતા હાર્ડવેર, સોફ્ટવેર અને ઇંટરનેટ તેમજ અન્ય આઇ.ટી સેવાઓ નો યોગ્ય અને યુનિવર્સિટી હિતમાં ઉપયોગ કરવો.

તેમજ આઇ.ટી ઉપકરણોમાં માત્ર આપની કચેરીને લગતા જ લાયસંસ/ફ્રી/ ઓપન સોર્સ/ ઇવેલ્યુએશન કે ટ્રાયલ વરઝન વાળા સોફ્ટવેરો કે ઓપરેટીંગ સીસ્ટમ ને જ પ્રસ્થાપિત (install) કરવા. કોઇપણ સંજોગો માં પાયરેટેડ સોફ્ટવેરોને પ્રસ્થાપિત (install) કરવા નહિ.

આ ઉપરાંત અન્ય આઇ.ટી ઉપકરણોની સુરક્ષાને હાનિ પહોંચાડે અથવા તેને સંબન્ધિત નિયમોનું પાલન ન થતુ હોઇ તેવા આઇ.ટી ઉપકરણો/સોફ્ટવેર/ઓપરેટીંગ સીસ્ટમ કે સેવાઓનો નો ઉપયોગ કચેરીમાં કરવો નહિ. સદર બાબતોનું પાલન કરાવવાની જવાબદારી જે તે યુનિટ/સબ-યુનિટના વડાની રહેશે.

કર્મચારી તેમજ વિધ્યાર્થીઓના અંગત કે કચેરી દ્વારા અપવામાં આવેલ કોઇપણ આઇ.ટી ઉપકરણો કે જેની મારફત ઇંટરનેટ તેમજ અન્ય આઇ.ટી સેવાઓનો માં ઉપયોગ કરવામાં આવે છે, તે માટે પણ ઉપરોક્ત બાબતો અસરકર્તા રહેશે. આ અન્વયે સદર આઇ.ટી ઉપકરણોની ચકાસણી કરતાં કોઇપણ પ્રકારનો ગેર-ઉપયોગ થતો જણાશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે યુનિટ/સબ-યુનિટના વડા અને/અથવા જે તે કર્મચારી/વિદ્યાર્થી ની રહેશે તેમજ અને જરુર જણાશે તો ભારત સરકારનાં આઇ.ટી. અધિનિયમ મુજબ પગલાં લેવામાં આવશે.

વધુમાં તમામ વર્ગ ના કર્મચારીઓને સુચિત કરવામાં આવે છે કે તેઓએ આ.કૃ.યુ.નુ અધિકૃત ઇ-મેલ એકાઉંટ (**@aau.in** વાળુ) જ કચેરીના તમામ પ્રકારના ઇ-મેલ આધારિત કોમ્યુનિકેશન માટે વાપરવું.

ઉપરોક્ત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવ્યા બાદ જાહેર કરવામાં આવે છે.

જા. નં. : આ.કૃ.યુ./ડીઆઇટી./સોફ્ટવેર/૬૪૬-૭૭/ ૨૦૨૦ તા. ૦૪/૦૯/૨૦૨૦

I/c નિયામક (આઇ.ટી.)

નકલ રવાના :

1, કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

2, આ.કૃ.યુ.ના તમામ યુનિટ/સબ-યુનિટના વડા તેમજ તેમની મારફત સંબન્ધિત કચેરીના તમામ કર્મચારીઓ અને વિધ્યાર્થીઓ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.